
# લાગણીનું ઝીણુંઝીણું જતન

## રજુકર્તા:વિપુલ એમ દેસાઈ

આવી જ બીજી સ્લાઈડો માટે મારા મારા વેબ બ્લોગની મુલાકાત લો
http://suratiundhiyu.wordpress.com/


આપણી બધી જ ત્રુટિઓ જાણ્યા પછી પણ આપણને
અપનાવી લે એ મિત્ર અને આપણી બધી જ બાહોશી જાણ્યા
પછી બિરદાવવાને બદલે જે એને લલકારે એ દુશ્મન
http://suratiundhiyu.wordpress.com/


કોઈ યુગલે પ્રેમલગ્ન કર્યાં તેના કારણની એક યાદી બનાવીએ
પછી એમણે છૂટાછેડા શા માટે લીધા એનાં કારણની
બીજી યાદી બનાવીએ તો એ બે વચ્ચે ઘણું સામ્ય દેખાશે !!
http://suratiundhiyu.wordpress.com/


લીલુંછમ્મ ઘાસ એ પ્રભુના હાથમાંથી સરકી ગયેલો રૂમાલ છે,
જેના એકાદ છેડે કદાચ એનું નામ ગૂંથેલું હોય છે
http://suratiundhiyu.wordpress.com/


નડતર વગરના રસ્તાઓ તો ધારો એટલા શોધી શકો,
પરંતુ અફસોસ એટલો જ છે કે આવા મુશ્કેલી
વગરના માર્ગ કોઈ મંજિલ સુધી જતા જ નથી
http://suratiundhiyu.wordpress.com/


ફૂલછોડનો ઉછેર કરવો એ તો શિયાળાની
વહેલી સવારે ઈશ્વર સાથે મોર્નિંગ વૉક લેવા જેવું છે
http://suratiundhiyu.wordpress.com/


જગતમાં માત્ર બે જ વ્યક્તિ મૂર્ખ છે. એક નિંદા કરનારી અને બીજી, રસપૂર્વક નિંદા સાંભળનારી !
http://suratiundhiyu.wordpress.com/


સમય, તંદુરસ્તી, મિત્રો અને
સબંધીઓને કોઈ
પ્રાઈસ ટેગ નથી હોતા, જયારે
આપણે તેને
ગુમાવીએ છીએ ત્યારે જ તેની
ખરી કિંમત સમજાય છે
http://suratiundhiyu.wordpress.com/



વ્યર્થ આશામાં બંધાયેલો મનુષ્ય
હૃદયને સુકવી નાખે છે
અને આશાની શ્રુંખલા તુટતા જ
તે સ્વયં તૂટી જાય છે
http://suratiundhiyu.wordpress.com/


ખરાબ પુસ્તક દુષ્ટ લુટારા
કરતાં વધારે ખરાબ છે.
એ તમારો કીંમતી સમય
લૂંટી જતા હોય છે
http://suratiundhiyu.wordpress.com/


તમે સુખી હો છતાં તમને તમારા સુખનું કારણ ખબર ન હોય
તો માની લેજો કે તમે ખરેખર બહુ સુખી છો !
http://suratiundhiyu.wordpress.com/



કેટલાક લોકો નવી કાર ખરીદે
ત્યારે એવું માની લે છે
કે કારની સાથે એમને રોડ
પણ મફતમાં મળ્યો છે
http://suratiundhiyu.wordpress.com/


એક કામના પૂરી થતા જ બીજી ઉભી થઈને શૂળની જેમ
ભોકાય છે, કામના કોઈપણ દિવસ સંતુષ્ઠ નથી થતી
http://suratiundhiyu.wordpress.com/


દુ:ખ અને મુશ્કેલી એ માનવીને શિક્ષણ આપતા
બે શ્રેષ્ઠ ગુણ છે
જે માનવી સાહસ સાથે એને સહન કરે છે
એ પોતાના જીવનમાં સફળતા મેળવે છે
http://suratiundhiyu.wordpress.com/


જે માણસ બિનજરૂરી વસ્તુઓ ખરીધા કરેછે,
એને ખરી જરૂરિયાતના સમયે
વસ્તુઓ વેચવાનો વારો આવે છે
http://suratiundhiyu.wordpress.com/



કેટલીક વાર છેલ્લી ચાવીથી તાળું
ખૂલતું હોય છે, માટે ધીરજ રાખો
http://suratiundhiyu.wordpress.com/
www.carnetsdevacances.com



પવિત્રતા અને પ્રતિષ્ઠા એ બેમાં પહેલું સ્થાન પવિત્રતાનું આવે છે.
પવિત્રતા હોય તો જ પ્રતિષ્ઠા આવે અને ટકે.
પ્રતિષ્ઠા હોય ત્યાં પવિત્રતા આવે ય ખરી અને ન પણ આવે.
ગમે તેવું મોટું કામ હોય પણ પવિત્ર પુરુષ પહોંચી વળે,
પ્રતિષ્ઠા નહીં પહોંચી વળે. પ્રતિષ્ઠાની બોલી જે કામ નથી કરતી,
તે પવિત્ર પુરુષનો આચાર કરી બતાવે છે
http://suratiundhiyu.wordpress.com/



સાદગીએ ઉત્તમ સુંદરતા છે,
ક્ષમાએ ઉત્તમ બળ છે,
નમ્રતાએ ઉત્તમ તર્ક છે અને
મિત્રતાએ ઉત્તમ સબંધ છે
http://suratiundhiyu.wordpress.com/


યુધિષ્ઠિરથી માંડીને શેરબજારનો
કોઈ પણ સટોડિયો
વહેલો મોડો ગમે ત્યારે
હારતો જ હોય છે
http://suratiundhiyu.wordpress.com/


ઉત્તમ વિચારો
એ માનવજીવનનો
મૂલ્યવાન વારસો છે.
ઉત્તમ દિમાગ એ ઉમદા
વિચારોની તિજોરી છે
http://suratiundhiyu.wordpress.com/


મેલાં અને ઢંગધડા વિનાના કપડાંથી જો આપણને
શરમ આવતી હોય તો પછી મેલાં અને ઢંગધડા
વિનાના વિચારોથી તો આપણે શરમાવું જ જોઈએ.
- આઈનસ્ટાઈન
http://suratiundhiyu.wordpress.com/


કોઈપણ માણસનું 'ચારિત્ર્ય' એટલે તેની વૃત્તિઓનો સમૂહ,
તેના માનસિક વલણોનો સરવાળો. સુખ અને દુ:ખ બંને એના
આત્મા પાસેથી પસાર થાય ત્યારે તેના પર વિવિધ ચિત્રોની
છાયા મૂકતાં જાય છે, અને આ સર્વ સંમિશ્રિત
અસરોનું પરિણામ એ જ 'ચારિત્ર્ય' - સ્વામી વિવેકાનંદ
http://suratiundhiyu.wordpress.com/


ભવિષ્યનો જ વિચાર કરનાર ગમે તે ઉંમરનો હોય,
એ બાળક જ છે ! ભૂતકાળની જ સ્મૃતિઓ વાગોળ્યા કરનારો
ગમે તે ઉંમરનો હોય એ વૃદ્ધ જ છે ! વર્તમાનકાળમાં જ જીવતો હોય,
એ કોઈપણ ઉંમરનો હોય, યુવાન જ છે ! -મુનિ રત્નસુંદર વિજયજી
ecstaticist 2008
http://suratiundhiyu.wordpress.com/


સામગ્રી મહત્વની નથી,
મનના સંતોષની સાધના મહત્વની છે
http://suratiundhiyu.wordpress.com/


સાધારણ બુદ્ધિ અને અસાધારણ સંકલ્પશક્તિથી
પણ કોઈ પણ કાર્ય ઉત્તમ રીતે સફળ થઈ શકે છે
http://suratiundhiyu.wordpress.com/


એક હજાર કિલોમીટરની યાત્રા એક પગલાથી શરૂ થાય છે
http://suratiundhiyu.wordpress.com/


આ જગતમાંથી હું એક જ વાર પસાર થવાનો છું.
તેથી, જો હું કશી મમતા બતાવી શકું તેમ હોઉં,
કે કોઈ સારું કામ કરી શકું તેમ હોઉં
તો લાવ, અત્યારે જ તે કરી લઉં;
કારણ કે હું અહીંથી ફરી નીકળવાનો નથી
ecstaticist 2008
http://suratiundhiyu.wordpress.com/


આપણે ગમે તેવા દાવા પેચ રમીએ
પરંતુ હુકમનો એક્કો તો કુદરત જ ફેંકી જાય છે
http://suratiundhiyu.wordpress.com/


કોણ કહે છે,
કે ભગવાન નથી દેખાતા?
ખાલી, એજ તો દેખાય છે,
જ્યારે કંઇ નથી દેખાતું !!
http://suratiundhiyu.wordpress.com/


પ્રમાણીક બનવા માટે
પોતાના હક્કનું
કદી જતું નહીં કરવું અને
હરામનું કદી લેવું નહીં
http://suratiundhiyu.wordpress.com/


લાગણીનું ઝીણુંઝીણું જતન કરે
તે માતા
અને
સ્વસ્થતાથી બુધ્ધિને કંડારી આપે
તે પિતા
http://suratiundhiyu.wordpress.com